શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૨૦

અંક : ૪

## સામાન્ય સભા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૩/૬/૧૮ ના રોજ ૧૪ કલાકે નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

<u>કાર્યસુચિ</u>

૧. ગત મીટીંગની કાર્યવાહી નોંધને મંજુરી.
૨. વાર્ષિક હિસાબ/અહેવાલ તથા અંદાજપત્ર મંજુરી.
૩. અન્ય સમિતીઓમાં થયેલ કાર્યવાહીને બહાલી.
૪. બંધારણમાં થથેલ ફેરફારની નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત
૫. સંસ્થાની પોલીસી (નીતિ)ની સમીક્ષા
૬. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે.

તા. ૩૦/૦૪/૨૦૧૮ મંત્રી

**<u>ખાસ નોંધ:</u>**

સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ સંસ્થાના કાર્યાલયે શ્રી ભરતભાઈ વાળાને પહોચાડવા વિનંતી છે.

## વાર્ષિક મીલન

સંસ્થા સાથે જોડાયેલ સંગઠનો હરિરાજ, મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી., અવિરત, ગીર ફાર્મ્સ, જાફરાબાદ અને સોરઠ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની લી., અન્ય સાથી તેમજ સહયોગી સંસ્થાઓ વ્યકિતઓ, લક્ષિત સમૂહના સભ્યો, સંસ્થાનો સ્ટાફ, સંસ્થાના સભાસદો, શુભેચ્છકો સાથે મળી સંસ્થાની કામગીરીની સમીક્ષા તેમજ લક્ષિત સમૂહની તકલીફો સમજવામાં તથા આ સમૂહને તેના ઉકેલની દિશામાં લઈ જવામાં ઉપયોગી થાય તે માટે દર વર્ષે વાર્ષિક મીલન યોજવામાં આવે છે. આ વર્ષે આ મીલન તારીખ ૩/૬/૧૮ ના રોજ સવારના ૧૦ કલાકે કાર્યાલયે રાખવામા આવેલ છે. તો તમામ , સંસ્થાના સાથી મિત્રો/સંસ્થાઓ તથા શુભેચ્છકો સૌને આ સંમેલનમાં ભાગ લેવા નિમંત્રણ છે. સંમેલનમાં આપના પ્રતિભાવો / ઉપયોગી સૂચનો તથા માર્ગદર્શન મળી રહે તે આ સંમેલનનો મુખ્ય ઉદેશ છે.

**યાદ રાખવું એ પણ મિલનનું એક રૂપ છે.**

## સાધારણ સભા

અમરેલી જીલ્લા મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી. અમરેલીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૩/૬/૧૭ ના રોજ ૧૬ કલાકે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, અમરેલી ખાતે રાખવામાં આવેલ છે. તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. વર્ષ ૨૦૧૭–૧૮ના વાર્ષિક હિસાબ, વાર્ષિક અહેવાલ, અંદાજપત્ર (૧૮–૧૯) તથા આયોજનની મંજુરી બાબત.
૩. વ્યવસ્થાપક કમિટીમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૪. આગામી વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે

તા. ૩૧/૦૫/૨૦૧૬ મંત્રી

**ખાસ નોંધ :**

સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ કાર્યાલયે મંજુબેન મકવાણાને પહોચાડવા વિનંતી છે.

## ચકલીનું ઘર

અમરેલી મુકામે હનુમાનપરા રોડ ૫ર રહેતા અને રોલીંગ શટરનો વ્યવસાય કરતા શ્રી ભરતભાઈ કનુભાઈ મકવાણાના ઘેર પંખામાં ચકલી આવી જતા તે મોતને ભેટી. તેને થયુ કે અવો બનાવ ફરી ન બને તેની કાળજી લેવી જોઈએ.

વાસ્તુશાસ્ત્ર પ્રમાણે જે ઘરમાં પક્ષીઓ માળો કરે અને બચ્ચાં સાથે કિલકીલાટ કરતા હોય તેના ઘરમાં સુખ શાંતિ રહે છે તેવુ માનતા ભરતભાઈ વ્યવસાયે મિસ્ત્રી હોવાથી તુરત જ નિર્ણય કરી એક ચકલીઘર બનાવવાનું શરુ કર્યુ અને જોત જોતામાં તેમણે ૫ માળનું એપાર્ટમેન્ટ બનાવી નાખ્યું. આ એપાર્ટમેંટ (ચકલીનો માળો) તેમણે પોતાના ઘરમાં રાખ્યુ છે.




**સફળતા મેળવવા ચિંતા નહિ ચિંતન કરો.**

## ગ્રામિણ વિકાસ

ગુજરાતના દરિયાકાંઠાના ખારાશ વિસ્તારો જેવા કે ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, જુનાગઢ, દેવભૂમિ, ખંભાલીયા, જામનગર તેમજ કચ્છમાં લોકોની આજીવિકામાં સુધાર આવે તે હેતુથી કોસ્ટલ સેલીનીટી પ્રિવેન્સન સેલ (સીએસપીસી) કાર્યરત છે. જેમાં તળાજા તાલુકાના કુલ ૯૦ ગામોમાં આવરી લેવાયેલ છે.

સીએસપીસી દ્વારા વિવિધ વિકાસ કાર્યક્રમ ચલાવવા માટે ગ્રામ્યસ્તરે ખેડૂત જૂથની રચના કરી સમયાંતરે જરૂરિયાત મુજબ તાલીમ તેમજ મીટીંગના આયોજન કરવામાં આવે છે. આધુનિક ખેતી પધ્ધતિ સહીત જળ સંરક્ષણના કાર્યોની રૂપરેખાના નિર્ણયો આ જૂથ દ્વારા કરવામાં આવે છે. જેમકે ખેડૂતોની ખેતી સુધારે તાલીમ. જેમાં બેફામ થતો ઝેરી દવાનો ઉપયોગને ઓછો કરવો, ગુલાબી ઈયળ ના નિયંત્રણ માટેના પગલાં, રાસાયણિક ખાતરોના ઉપયોગ અને જરૂરિયાતની સમજણ, છાણીયું ખાતર બનાવવાની પધ્ધતિ વધારે અપનાવે જેથી મહતમ પાણીનો બચાવ કરી સારું પાક ઉત્પાદન મેળવી શકે તે માટે સૂક્ષ્મ પિયત માટે સહાય ખેડૂતોને પૂરી પાડવામાં આવે છે.

ખારાશ આગળ ના વધે તે હેતુથી સીએસપીસી દ્વારા રિવર ટ્રીટમેન્ટ જે હાલ ઘણા ગામની અંદર કામ ચાલુ છે. ટાટા હિટાચી ખેડૂતોના જુથને આપેલ છે. લોક ભાગીદારીથી ખેડૂતો રિવર ટ્રીટમેન્ટનું કામ કરી રહ્યાં છે. તદ્ઉપરાંત વ્યક્તિગત ખેડૂતો માટે ખેતતલાવડી, કુવા રિચાર્જ, બંધ પાળા વિગેરે જેવી પ્રવૃતિ પણ ખેડૂત ગ્રુપની લોકભાગીદારી વધીરહી છે.

સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૭/૧૮ માં કુલ ૧૩૦ ખેડૂતોને ટપક તેમજ ફુવારા વસાવવા માટે આર્થીક ટેકો આપવામાં આવેલ છે. તદ્ઉપરાંત જંગલી પશુના ત્રાસથી બચવા માટે કુલ ૨૭૪ ખેડૂતોને સોલાર ઝટકા વાડ બનાવવા માટે પણ આર્થિક ટેકો આપવામાં આવેલ છે.

ખેડૂતો તેમજ મજુરોના બાળકો મોસમી કે કાયમી બાળ મજૂરીનો ભોગ ના બને તે માટે સ્કુલ અને ગામ લેવલે જાગૃતિ કાર્યક્રમ ચલાવામાં આવે છે. સાથે ગ્રામ સ્કુલમાં વોસ નામના કાર્યક્રમ દ્વારા સ્કુલમાં ખૂટતી કડીને જોડવા મદદ આપવામાં આવે છે. જેમ કે સ્કુલમાં પીવાના પાણીની વ્યવસ્થા, સંડાસ બાથરૂમ ની વ્યવસ્થા વિગેરે જેવા કામો સ્કુલ એસએમસી સાથે રહીને સમસ્યાના સમાધાન કરવામાં આવે છે.

દરિયાકાંઠાના સલતાનપર, તલ્લી જેવા ગામની પીવાના પાણીની સમસ્યાના નિવારણ માટે વાસ્મો, મનરેગા જેવી યોજના સાથે રહીને યોગ્ય આયોજન કરવામાં આવેલ છે.

ખેડૂતો તેમજ મજૂરોના જીવનમાં સુધાર લાવી શકાય તેમજ દરિયાના પાણીની ખારાશને આગળ વધતી અટકાવી શકાય તેવા તમામ પ્રયત્નો ગ્રામીણ સ્તરે લોકોના જુથ સાથે રહીને કરવામાં આવે છે. સાથે ગ્રામ લોકો પણ ખુબ જ રસથી આ કાર્ય કરી રહ્યા છે.

*— ડી.એન.ઝાલા (૯૮૨૫૪૮૪૭૩)*

**સફળ શિક્ષણ જીવનનો પાયો છે.**

**સતત વિકાસ લક્ષ્ય.**

સંયુકત રાષ્ટ્ર સંઘના સભ્ય રાષ્ટ્રોએ વર્ષ ૨૦૩૦ સુધીમાં ગરીબીનો અંત, ભુખમરો સમાપ્ત, સ્વસ્થ જીવનની સુનિશ્ચતતા, આજીવન શિક્ષણ પ્રાપ્તિ, જેન્ડર, સૌને માટે પાણી અને સ્વચ્છતાની ઉપલબ્ધતા, વ્યાજબી ઉર્જા સ્ત્રોત પુરા પાડવા, આર્થિક વિકાસ, ઔદ્યોગીકરણને પ્રોત્સાહન, અંદરુની તેમજ રાષ્ટ્રો વચ્ચેની અસમાનતા દુર કરવી, શહેરો અને માનવ વસ્તઓની સુરક્ષા, ઉત્પાદનોની પેટર્ન સુનિશ્ચત કરવી, જળવાયુ પરિવર્તનના પ્રભાવોથી નીપટવું, દરિયાઈ સંશાધનોની જાળવણી, રણીકરણ તથા ભુમિ અતિક્રમણ રોકવું. શાંતિપુર્ણ સમાજ અને જવાબદેહી સંસ્થાઓનું નિર્માણ, અને સતત વિકાસ માટે વૈશ્વિક ભાગીદારી એવા ૧૭ લક્ષ્ય માટે ખાત્રી આપી છે.

અપાયેલ આ ખાત્રીઓની યાદ તાજી કરવા દર વર્ષે ૨૨ થી ૨૮ એપ્રિલ દરમ્યાન ગ્લોબલ એકશન વીકની ઉજવણી તમામ સભ્ય રાષ્ટ્રોમાં કરવામાં આવે છે.

નેશનલ કોલીશન ફોર એજયુકેશન સાથે જોડાયલી સંસ્થાઓ તથા શિક્ષક સંગઠનોએ ભારતભરમાં ગ્લોબલ એકશન વીકની ઉજવણી સતત વિકાસ લક્ષ્ય ૪ ને ધ્યાનમાં રાખી કરી હતી. સતત વિકાસ લક્ષ્ય ૪ એ શિક્ષણના મુદાને સ્પર્શે છે.

ગ્લોબલ એકશન વીકની ઉજવણી ભાગરુપે અમરેલી જીલ્લામાં જયાં શિક્ષકોની ઘટ છે ત્યાં વિદ્યાર્થીઓએ શિક્ષણ વિભાગના અધિકારીઓ તથા નાગરિક પ્રતિનિધિઓને પોસ્ટકાર્ડ દ્વારા જાણ




**જીવનમાં તક ચૂકી જવી એ આપણું સૌથી મોટું નુકશાન છે.**

કરી. હરિરાજ તાલીમ કેન્દ્રમાં એક કાર્યશાળા યોજાઈ.
આ કાર્યશાળામાં શિક્ષણશાસ્ત્રીઓ, પર્યાવરણ અને આરોગ્યના જાણકારો, સ્વૈચ્છિક સંગઠનના કાર્યકરો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ તેના સંગઠનોના પ્રતિનિધિઓ, શિક્ષણ વિભાગના અધિકારીઓ, શાળા વ્યવસ્થાપન સમિતીના સભ્યો અને પંચાયતીરાજ સંસ્થાના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.
કાર્યશાળાના પ્રારંભે સતત વિકાસ લક્ષ્ય ૧૭ની જાણકારી આપી હતી જેમાં સતત વિકાસ લક્ષ્ય ૪ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓ તથા શિક્ષણ વિભાગના અધિકારીઓએ પોતાના અનુભવો રજુ કર્યા હતા. શાસનાધિકારીશ્રી ચુડાસમાએ આ સત્રનો સાર રજુ કર્યો હતો. બીજા સત્રમાં પેનલ ડીસ્કશનમાં ગુણવતાયુકત શિક્ષણ, નાગરિકોની ભાગીદારીના માધ્યમથી ઉતરદાયિત્વ, શિક્ષણ સંસાધનો, સરકારી જવાબદારીતથા નિતિગત નિયંત્રણો એ વિષયને લઈ તજજ્ઞોએ પોતાના વિચારો તથ્યો સાથે રજુ કર્યા જેનું સમાપન શ્રી રવજીભાઈ કાચાએ કર્યુ હતુ. છેલ્લા સત્રમાં શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, સ્વૈચ્છિક સંગઠનના કાર્યકરો તથા શિક્ષકો અને શિક્ષક સંગઠનોએ ના પ્રતિનિધિઓ જોડાયા શ્રી પ્રો. જે. એમ. તળવીયાએ આ સત્રનું સંચાલન કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિયા કાછડીયાએ કયું હતુ અને આભારવિધિ શ્રી અશોકભાઈ શેલારએ કરી હતી.




**પરસેવાની કમાણી એ જ સાચી કમાણી છે.**

**ઉનાળા દરમિયાન ફળપાકોની માવજત**

ઉનાળો એટલે ગરમ વાતાવરણ એટલે કે ફળ પાકો માટે વિપરિત પરિસ્થિતિ, આમ છતાં ઘણા ફળછોડ/ઝાડ ઉનાળામાં સારી રીતે થઈ શકે છે. પરંતુ ગરમ અને સૂકા વાતાવરણમાં ફળ છોડ/ઝાડને ઘણી બધી તાણ અનુભવાતી હોય છે જે ફળ ઝાડના ઉત્પાદનમાં વિપરિત રીતે અસર કરે છે. ઉનાળો એ વર્ષનો એવો સમય કે જે દરમ્યાન ફળછોડ/ઝાડની સારી સંભાળ કરવાથી જંતુ, રોગો અને હવામાન સંબંધિત સમસ્યાઓ અટકી શકે.

**(૧) પિયત :** જે તે સ્થળના વાતાવરણ, જમીનના ભેજના પ્રમાણના આધારે પાણીની જરૂરિયાતમા વધઘટ થાય છે. તે સિવાય ઝાડની ઉંમર પણ પિયતના પ્રમાણ પર અસર કરે છે. ફળછોડ/ઝાડને છીછરૂં અને વારંવાર પાણી આપવા કરતાં, ઊંડે અને અવાર નવાર પાણી આપવું વધુ શ્રેષ્ઠ છે. રેતાળ ચીકણી જમીનમાં બે થી ત્રણ અઠવાડિયે પાણી આપવું. ટપક સિંચાઈ પદ્ધતિ દ્વારા પિયત આપવાથી નીંદણનો પ્રશ્ન ન રહે. સૂકા અને અર્ધસૂકા વિસ્તારના ફળ પાકો જેવા કે બોર, જામફળ, દાડમ, આમળામાં આરામ અવસ્થા દરમ્યાન પિયત ન આપવું.

**(૨) ખાતર :** ખાતર આડકતરી રીતે ઉનાળામાં ફળઝાડને ગરમ ઋતુથી રક્ષણ આપે છે. ખાતર આપવાથી છોડ વધુ તંદુરસ્ત રીતે વૃદ્ધિ પામે છે આ રીતે ફળછોડ તણાવ સામે રક્ષણ મેળવે છે.

**(૩) આવરણ :** આવરણ એ ગરમ વાતાવરણમાં ઝાડને ઠંડુ રાખવા માટે અગત્યનું સાધન છે. ઘણા ફળઝાડ (બેરી વર્ગના) અમ્લીય જમીનમાં સારા થાય છે. આવા પાકોને કપાસનાં ફોતરાં જેવા અમ્લીય પદાર્થોનું આવરણ કરવામાં આવે તો જમીનનો પી.એચ. નીચો લાવે છે અને ફળપાકને અનુકૂળ થાય છે. ફળઝાડને ઊંડુ (ઘનિષ્ટ) પિયત આપ્યા પછી આવરણમાં કમ્પોસ્ટ, સૂકા પાંદડાં, સૂકુ ઘાસ, સ્ટ્રોથી આવરણ કરવામાં આવે તો નીંદણનું નિયંત્રણ, ભેજની જાળવણી કરી શકાય છે. આ ઉપરાંત પવનના કારણે થતા ફળના ખરણ માટે મદદરૂપ થાય છે જેમ કે કેરીની હાફૂસ જાત માટે આવું આવરણ કરવામાં આવે તો હાફુસ કેરીમાં આવતો કપાસીનો રોગ અટકાવે છે.

**(૪) પવન અવરોધક વાડ :** ઉનાળામાં ફળ પાકોમાં જુદી જુદી અવસ્થા જેમ કે ફૂલ અને ફળ બેસતા હોય ત્યારે ગરમ પવન (લૂ) સામે રક્ષણ મળી રહે તે માટે પવન અવરોધક વાડ કરવી. નાના ઝાડને ઉનાળામાં ગરમીથી રક્ષણ મળી રહે તે માટે થડ પર સફેદ રંગનું પેઈન્ટ કરવું. થડની ફરતે માટીનું આવરણ, નજીકના પાણી પીલા તેમજ અન્ય પીલાની છટણી કરવી જેથી વધારે પડતા પાણીનો બચાવ કરી શકાય તેમજ ઉપલબ્ધ પાણી ભેજથી મુખ્ય ઝાડને જરૂરી પોષક તત્વો અને પાણી મળી રહે.

***સંકલન : નરેન્દ્ર પોંકિયા***

***જીવનમાં કોઈપણ પરિસ્થિતિમાં કયારેય હાર ના માનવી.***

## ખેતી, માનવ આરોગ્યમાં કઠોળનું મહત્વ

સમગ્ર વિશ્વની પ્રજાના ખોરાકમાં કઠોળ એક આવશ્યક ઘટક તરીકે આગવું મહત્વ ધરાવે છે. જમીનનું સંરક્ષણ, પર્યાવરણની જાળવણી અને વૈશ્વિક ખાદ્ય સુરક્ષા માટે મહત્વનું યોગદાન છે. ખાદ્ય સુરક્ષા અને પૌષ્ટીક આહારના હેતુઓ માટે કઠોળના ખોરાક તરીકેના ફાયદાઓ અંગે લોકોમાં જાગૃતિ વધારવા માટે સંયુકત રાષ્ટ્રસંઘે દ્વારા ૨૦૧૬ ને વર્ષ તરીકે ઉજવ્યુ હતુ. ભારત સૌથી વધારે કઠોળ પાકોનું ઉત્પાદન, વપરાશ અને આયાત કરનાર દેશ તરીકે સ્થાન ધરાવે છે. પ્રાચીનકાળથી આપણા દેશમાં કઠોળ આરોગ્ય વર્ધક ખોરાકના હિસ્સા તરીકે જાણીતા છે. તુવેર, ચણા, મગ, અડદ, વટાણા, ચોળા, મસુર વગેરે પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ અને પથ્ય રેસાઓ જેવા ઘણા જ પોષક તત્વોનો સસ્તો સ્ત્રોત છે. ચરબી વગરના પ્રોટીનનો સર્વોતમ સ્ત્રોત છે. કઠોળમાં લોહ, જસત, કેલ્શિયમ, મેગ્નેશિયમ, પોટેશિયમ, સોડિયમ અને સેલેનિયમ વગેરે મિનરલ તેમજ ફોલેટ, થાયમિન, રિબોફલેવીન, નિયાસિન, વિટામીન સી, વિટામીન ઈ, વિટામીન બી૬ ઉપલબ્ધ છે. કઠોળમાં સામાન્ય રીતે ૨૫ ટકા પ્રોટીન અને ૬૦ ટકા જેટલુ કાર્બોહાઈડ્રેટ હોય છે. કઠોળ પાકો મૂળગંડીકાઓ દ્વારા હવામાંથી નાઈટ્રોજનનું સ્થિરિકરણ કરી જમીનની ફળદ્રુપતા વધારે અને જમીનનું ધોવાણ અટકાવે છે. વરસાદની અછતના સમયે બીજા પાકોની સરખામણીએ પાણીની ખેંચ સહન કરી શકે છે. તે કેલ્શિયમની ઉણપ ધરાવતા પશુઓ માટે ખૂબ જ હિતકારી છે. કઠોળ વર્ગના પાકો આંતર પાક, પાકની ફેરબદલી કે મિશ્રપાક તેમજ બહુ પાક પદ્ધતિમાં લઈ શકાય. મગ, અડદ, અને વાલ ટુંકાગાળાના છે. રાઈઝોબિયમ કલ્ચરનો ઉપયોગ કરવાથી હેકટરદીઠ ૫૦ થી ૧૦૦ કિગ્રા નાઈટ્રોજનનો બચે, ઉત્પાદનમાં ૧૦ થી ૩૦ જેટલી વૃદ્ધી થાય. વિશ્વ આરોગ્ય સંસ્થાની ભલામણ મુજબ દરેક વ્યકિતએ આહારમાં દૈનિક ૮૦ ગ્રામ જેટલું કઠોળ ખાવું જોઈએ. આપણે ધાન્ય પાકોના ઉત્પાદનમાં છેલ્લા ઘણા જ વર્ષોથી સ્વનિર્ભરતા હાંસલ કરી લીધી છે. પરંતુ છેલ્લા ૪૦ વર્ષમાં દેશમાં કઠોળ પાકનું ઉત્પાદન માત્ર એક ટકાના દરે વધેલ છે જે વસ્તી વધારાના દર કરતા ઓછુ હોય અને સને ૧૯૬૦ ના દાયકામાં માથાદીઠ દૈનિક પ્રાપ્યતા ૬૦ ગ્રામ હતી. જે હાલ ઘટીને માત્ર ૩૮ ગ્રામ જેટલી જ છે. કઠોળનો પૂરવઠો વધારવા ઉત્પાદન, પ્રોસેસિંગ, મૂલ્યવર્ધન, વપરાશ અને વ્યાપાર મહત્વના છે. હેરફેર, જાળવણી અને પ્રોસેસિંગમાં થતો વેડફાટ રોકવો. મુલ્યવર્ધન થાય અને પોષણક્ષમ આહાર માટે યોગ્ય માત્રામાં વપરાશ કરવો.

**સંકલનઃ બિપીન કુંજડીયા**

***આળસ કદાચ આકર્ષણ લાગશે, પણ મહેનત સંતોષ આપશે.***

**Happy Birthday**

| | |
|---|---|
| Bhavesh Algotar | 01.05.1994 |
| Pankaj Sarvaiya | 04.05.1993 |
| Pushpa Gohil | 08.05.1968 |
| Jasu Kalotra | 12.05.1995 |
| Priyanka Trivedi | 12.05.1995 |
| Nayan Gandhi | 15.05.1965 |
| Jay Sankhat | 19.05.1995 |
| Nehal Tarsariya | 30.05.1996 |

**In this month**

| | |
|---|---|
| 2-3 | Staff meeting at Amreli |
| 9 | Executive committee meeting of Sajjata Sangh at DSC Ahemedabad |
| 13 | Project Raise webinar on planning your pilot for raising Gender Equitable boy. |
| 14 | Board Meeting of Gujpro at Gandhidham |
| 19-20 | BCI Regional IP Capacity Building Workshops (Gujarat) at Rajkot |
| 20 | FPO review meeting at NABARD, Ahemdabad |
| 28 | Global action week 2018 - Amreli office |

## રમૂજ એક થેરાપી

પતિ : ક્યા ગાયબ હતી ચાર કલાકથી ?

પત્ની : શોપિંગ કરવા ગઈ હતી મોલમાં...

પતિ : શું શું લીધું ?

પત્ની : ૧ માથાની પીન અને ૪૫ સેલ્ફી..

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ગઈ કાલે સહન કરેલુ દર્દ તમારી આજની તાકાત છે.**